ક્રમાંકઃરાપબો/ખા.પ./૨૦૧૩/**૫૯૭૩–૬૧૧૨**

રાજય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજય,
સરકારી પુસ્તકાલયની સામે,
સેકટર–૨૧,ગાંધીનગર
તારીખ :– ૨૩/૧૨/૨૦૧૩

**જાહેરનામુ ::**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ ઈડીઆઈ–૧૦૭૫–સી–૧૯૬૯–લ, તા.૨૧/૧૨/૨૦૧૨ થી બહાર પાડેલ જાહેરનામાના અનુસંધાને આગામી તા.૦૮,૦૯–ફેબ્રુઆરી–૨૦૧૪ના રોજ લેવાનાર વર્ગ–૩ના મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક તથા પંચાયત સંવર્ગના મદદનીશ જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ–૩ની ખાતાકીય પરીક્ષાના નિયમો તથા વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે.

## (૧) આવેદન ફોર્મ ભરવા અંગે સૂચનાઓ :

આ ખાતાકીય પરીક્ષાના આવેદન ફોર્મ સાથે આપેલ જોડણ– "બી" મુજબના નમુનામાં જ ભરવાનું રહેશે. તેમજ નીચે જણાવ્યા પ્રમાણે સમય સારણી મુજબ રાજય પરીક્ષા બોર્ડને રૂબરૂ / રજી.એડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે.

| ક્રમ | ફોર્મ મોકલનાર | કોને મોકલશે | મોકલવાની નિયત તારીખ |
|---|---|---|---|
| ૧ | • મદદનીશ શિક્ષણ નિરીક્ષક<br>• મદદનીશ શિક્ષક (આચાર્ય મારફત) | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | ૧૧/૦૧/૨૦૧૪ સુધીમાં |
| | પંચાયત સંવર્ગ<br>• મદદનીશ જિલ્લા શિક્ષણ નિરીક્ષક.<br>• વિસ્તરણ અધિકારી (શિક્ષણ)<br>• કેળવણી નિરીક્ષક વર્ગ–૩. | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | |
| ૨ | • જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર. | ૧૫/૦૧/૨૦૧૪ સુધીમાં |
| | • જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર. | |
| ૩ | • કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.<br>• નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર. | રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર | ૧૮/૦૧/૨૦૧૪ સુધીમાં |

- અધુરી વિગતોવાળા ફોર્મ કે મુદત બાદ મળેલા ફોર્મ સ્વિકારવમાં આવશે નહી અને તેવા ફોર્મ રદપાત્ર થવાને ઠરશે.
- ઉપરોકત જાહેરનામામાં દર્શાવ્યા મુજબના કર્મચારીઓ જે તે સંવર્ગમાં પુરા પગારમાં સમાવેશ થયેલ હોવા જોઈશે.
- ઉમેદવારે તેમના ફોર્મ સારણીમાં બનાવ્યા મુજબ કચેરીના વડા / ખાતાના વડા મારફતે જ મોકલવાના રહેશે. સીધા રાજય પરીક્ષા બોર્ડને મોકલાવેલ ફોર્મ અમાન્ય ગણવામાં આવશે.
- ખાતાના વડા / કચેરીના વડાએ પરીક્ષાની જાણ તેમના કર્મચારીઓને કરવાની રહેશે તથા ફોર્મનો નમુનો પુરો પાડવાનો રહેશે.

- ઉમેદવાર નિયત નમુનામાંજ આવેદન ફોર્મ સ્વઃહસ્તાક્ષરમાં કે કોમ્પ્યુટર ટાઈપ કરીને (A-4) માં ભરી શકશે.

## (૨) પરીક્ષા કેન્દ્ર::—તમામ માટે પરીક્ષા કેન્દ્રઅમદાવાદ રહેશે.

## (૩) પાસ થવાનું ધોરણ ::

ઉમેદવારે દરેક પેપરમાં પાસ થવા માટે ૫૦% ગુણ મેળવવા ફરજીયાત છે.

## (૪) પૂનરાવર્તિત (રીપીટર) ઉમેદવારો માટે ::

અનુતિર્ણ થનાર ઉમેદવારને એક કે વધુ વિષયમાં ૬૦% કે તેથી વધુ માર્કસ મેળવેલ હશે તો તેને તેજ વિષય / વિષયોમાં પછીની પરીક્ષા માટે(Exemption) મુકિત મેળવવાને પાત્ર રહેશે.

રીપીટર્સ તરીકે પરીક્ષા આપવા માંગતા હોય તેમને મુકિત પાત્ર વિષય માટે તે પરીક્ષાની પ્રમાણિત કરેલી માર્કશીટની નકલ આવેદન ફોર્મની સાથે જોડવાની રહેશે તેમજ તે માટે ફોર્મમાં ઉલ્લેખ કરવાનો રહેશે અન્યથા પાછળથી મુકિત ગ્રાહય રાવખમાં આવશે નહી.

## (૫) પરીક્ષાની તકો તથા પરીક્ષા ફી :

ખાતાકીય પરીક્ષા નિમણૂંકની તારીખથી તથા સીધી ભરતીથી નિમણૂંક મેળવનાર ઉમેદવારોએ નોકરીમાં પૂરા પગારમાં નિમાયાની તારીખથી ૩ વર્ષ અથવા ૩ (ત્રણ) તકોમાં જે પહેલું હોય તેમાં પરીક્ષા પાસ કરવાની રહેશે. પરંતુ પછાત વર્ગ ઉમેદવારોએ ૩ + ૧= ૪ તકોમાં પાસ કરવાની રહેશે.

આ સાથેની યાદી મુજબ પરીક્ષાર્થીઓ માટે મળવાપાત્ર પરીક્ષા આપવાની તકો પૂર્ણ ણઈ હોય તો પરીક્ષા ફી ડીમાન્ડ ડ્રાફટ ધ્વારા ભરવાની રહેશે તથા મળવાપાત્ર તકો મેળવી પરીક્ષામાં ઉપસ્થિત થવા માટેના સરકરાશ્રીનો હુકમોની મંજૂરીના પત્રની નકલ ફોર્મ સાથે અવશ્ય મોકલી આપવાનો રહેશે.

નિયત સમયમર્યાદા તથા નિયત તકોમાં જો ઉમેદવાર ખાતાકીય પરીક્ષા પાસ ના કરે તો સરકારશ્રીમાંથી પરીક્ષામાં બેસવા માટેની મંજુરી મેળવી નિયત કરેલ ફી રૂા.૧૫/— ભરીને બેસી શકે છે તથા પરીક્ષા ફી "સચિવશ્રી રાજય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર"ના નામનો ડીમાન્ડ ડ્રાફટ કાઢાવીને જમા કરાવવાનો રહેશે.

## *(૬) પરીક્ષાનો કાર્યક્રમ ::*

| ક્રમ | પ્રશ્નપત્ર | તારીખ | સમય | ગુણ |
|---|---|---|---|---|
| ૧ | સેવાપ્રથા | 08/02/2014 | 10.30 to 13.30 | 100 |
| ૨ | હિસાબીપ્રથા | 08/02/2014 | 14.30 to 17.30 | 100 |
| ૩ | શિક્ષણ ખાતાના નિયમો અને ધારા ધોરણો તથા યોજનાઓ | 09/02/2014 | 10.30 to 13.30 | 100 |
| ૪ | પ્રકીર્ણ | 09/02/2014 | 14.30 to 17.30 | 100 |

- પરીક્ષાના વિષયોનોઅભ્યાસક્રમ શિક્ષણ વિભાગનાતા.૨૧/૧૨/૨૦૧૨ના જાહેરનામના એપેન્ડીક્ષ–"એ" મુજબનો રહેશે.
- ઉમેદવાર તમામ પ્રશ્નપત્રો માટે સરકારશ્રીધ્વારા પ્રકાશીત પુસ્તકોની મદદ લેવા ઈચ્છેતો પ્રશ્નપત્રોના જવાબ લખવા તેવા સરકારી પ્રકાશનના પુસ્તકોની સહાય લઈ શકાશે અન્ય પ્રકારનું સાહિત્ય લાવી શકાશે નહી.

- આવા પુસ્તકોની વ્યવસ્થાઉમેદવારે જાતે કરવાની રહેશે. રાજય પરીક્ષા બોર્ડ ધ્વારા પુરા પાડવામાં આવશે નહી.
- પરીક્ષાના પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે. પરંતુ ઉમેદવાર જવાબની ભાષા તરીકે આવેદનપત્રકમા કોલમ–૧૪માં તેની જવાબની ભાષા ગુજરાતી અથવા અંગ્રેજી પસંદ કરી શકશે. જેમાં પછી થી કોઈ ફેરફાર કરી શકાશે નહી.

## (૭) સામાન્ય સૂચનાઓ :

(૧) ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારો બેસાવપાત્ર છે કે કેમ? તે અંગે જે તે ખાતાના વડાએ ચકાસણી કરીને આવેદનપત્રો બોર્ડને સમયસર મોકલી આપવના રહેશે.

(૨) ખાતાકીય પરીક્ષામાં સરકારશ્રીમાં ફી જમા થાય બાદ કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી.

(૩) ઘણા કીસ્સામાં પરીક્ષાની કેટલી તકો થઈ છે તે ફોર્મમાં દર્શાવવામાં આવતી નથી. જે ફોર્મમાં અચૂક દર્શાવવાની રહેશે. અધૂરી વિગતવારા ફોર્મ રદ થવાને પાત્ર થશે.

(૪) જે ઉમેદવારની નિયત તકો પૂર્ણ થઈ ગઈ હોય તેવા સંજોગોમાં વડી કચેરીની મંજૂરી મેળવી આવશ્યક છે.

(૫) અંધજન ઉમેદવારોએ રાઈટરની મંજૂરી કચેરીના વડાની મેળવવાની રહેશે તથા મુકિતપાત્ર વિષયોની મુકિત પરીક્ષા શરૂ થતાં અગાઉ સરકારશ્રીમાંથી મેળવી લેવાની રહેશે.

(૬) ફોર્મ સ્વીકારવાની નિયત તારીખ પૂર્ણ થયા બાદ ફોર્મ બોર્ડને મોકલવા નહી તેમજ જે તે કેન્દ્ર સંચાલક પાછળથી કોઈપણ નંબર ફાળવી શકશે નહી.

(૭) આવેદન પત્રમાં ઉમેદવારે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોટાડવાનો રહેશે.

Sd/-
(ઈ.પી.દેસાઈ)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

### નકલ સવિનય રવાના જાણ તથા કાર્યવાહી સારૂ :

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, નવા સચિવાલય,ગાંધીનગર.
(૨)નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ,ગુ.રા.,જુના સચિવાલય,ગાંધીનગર.
(૩)કમિશ્નરશ્રીઓફ સ્કુલ, ગુ.રા.,જુના સચિવાલય,ગાંધીનગર.
(૪) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ,ગાંધીનગર.
(૫) નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ,ગુ.રા., બ્લોક નં.૧૨,ગાંધીનગર.
(૬) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક ટેકનોલોજી ભવન,ગુ.રા., અમદાવાદ.
(૭)નિયામકશ્રી, સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, ડી.પી.ઈ.પી., ગાંધીનગર.

### નકલ જાણ તથા કાર્યવાહી સારૂ :

(૧)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
(૨)જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૩)જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી, તમામ.
(૪) શાશનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, તમામ.

# રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃ ઈડીઆઈ–૧૦૭૫–સી–૧૯૬૯–લ, તા.૨૧/૧૨/૨૦૧૨ થી બહાર પાડેલ જાહેરનામાના અનુસંધાને વર્ગ–૩ના મદદનીશ શિક્ષણ નિરીક્ષક, મદદનીશ શિક્ષક તથા પંચાયત સંવર્ગના મદદનીશ જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ–૩ની

***ખાતાકીય પરીક્ષા માટેનું અરજી પત્રક.***

***(એપેન્ડીક્ષ–બી)***

ઉમેદવારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી તેના ઉપર કચેરી / ખાતાના વડાના સહી / સિકકા

વર્ષ :...................................

માસ.................................

પરીક્ષા કેન્દ્રનું :– અમદાવાદ

(૧) અરજદારનું પુરેપુરું નામ (ગુજરાતમીમાં) :– ______________________

(અંગ્રેજીમાં) :–______________________

અટક નામ પિતા/પતિ

(૨) હોદ્દો (ગુજરાતીમાં ) :–______________________

(અંગ્રેજીમાં) :– ______________________

(૩) હાલમાં નોકરી કરતા હોય તે કચેરીનું :–______________________

નામ અને પુરેપુરું સરનામું (ગુજરાતીમાં) :–______________________

(અંગ્રેજીમાં) :–______________________

---

(૪) જન્મ તારીખ :–______________________

પરીક્ષા સમયે ઉંમર :– વર્ષ__________માસ__________દિવસ__________

(૫) નિમણુંકની તારીખ :– / /

નોકરીમાં કુલ વર્ષ :–______________

(૬) અગાઉ પરીક્ષામાં બેઠા છો કે કેમ ? :– હા / ના

જો 'હાતો કેટલી વાર ? :– ______________

(a) પરીક્ષાની વિગત :

| પરીક્ષાનું માસ / વર્ષ | બેઠક નંબર | મેળવેલ ગુણ | પરિણામ |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

(b) કોઈ મુકિત મેળવેલ છે કે કેમ ? :– હા / ના
જો હા તો વિગત.

| પ્રશ્નપત્રનો ક્રમ | પશ્નપત્રનું નામ | પરીક્ષાનું માસ / વર્ષ | મેળવેલ ગુણ–૧૦૦ માંથી |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

**નોંધ :(બી) અગાઉના દરેક પ્રયત્નોની માર્કશીટની પ્રમાણિત કરેલ નકલ બીડવી.**

(c) આ પરીક્ષામાં મુકિત મેળવવા માંગો છો કે કેમ? :– હા / ના
(વિકલ્પ આખરી ગણાશે જેમાં પછીથી કોઈ ફેરફાર થઈ શકશે નહી.)

(૭) પરીક્ષામાં બેસવા માટે લાગુ પડતા નિયમો :–____________________

(૮) પરીક્ષા પાસ કરવાની નિયત કરેલ તક :–____________________
પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા શરૂ થવાની તારીખ :– / /
પરીક્ષામાં બેસવા માટેની પાત્રતાની અંતીમ તારીખ :– / /

(૯) પરીક્ષાની પૂર્ણ કરેલ તકોની સંખ્યા :–____________________

(૧૦) વધારાની ખાસ તક અપાઈ છે કે કેમ ? :– હા / ના
( જો વધારાની ખાસ તક અપાઈ
હોય તે હુકમ નંબર અને તારીખ નિર્દિષ્ટ
કરી તેની એક નકલ સામેલ રાખવી)

(૧૧) વય અને નોકરીની મર્યાદામાં છુટછાટ :–____________________
આપનાર સત્તા ધરાવતાં અધિકારીઓનો
હુકમ નંબર અને તારીખ (હુકમની નકલ સામેલ રાખવી)

(૧૨) પરીક્ષા પાસ કરવાનો હેતુ :–____________________
દા.ત. કાયમી થવું, સરકારી નોકરીમાં
ચાલુ રહેવું, બઢતી વગેરે.

(૧૩) ખાતાકીય પરીક્ષામાં નિયમોનુસાર :– હા / ના
બેસવા પાત્ર છે કે કેમ ?

(૧૪) ઉમેદવાર પ્રશ્નોના જવાબ ગુજરાતી કે, :–____________________
અંગ્રેજીમાં આપવા માંગે છે તે સ્પષ્ટ દર્શાવવું.

(૧૫) નિયમ અનુસાર જરૂરી હોય ત્યાં પરીક્ષા :–____________________
ફી ડી.ડી.થી ભરેલ છે કે કેમ ?
(ડી.ડી. નંબર, તારીખ અને રકમ જણાવો)

...૨...

(૧૬) અન્ય વિગત :–____________________

સ્થળ :–
તારીખ :–

ઉમેદવારની સહી

# પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, ઉપરની તમામ વિગતો ચકાસતા તે સંપૂર્ણ સાચી જણાયેલ છે.

શ્રી...................................................................................................................................

હોદ્દો............................................ કચેરીનું નામ.........................................................................

માહે –ફેબ્રુઆરી–૨૦૧૪માં લેવાનાર ખાતાકીય પરીક્ષા માટે પાત્રતા ધરાવે છે.

સ્થળ : કચેરીના વડાની સહી અને સિક્કો

તારીખ : / /૨૦૧૪

ખાતાના વડાની સહી અને સિક્કો

સ્થળ : ગાંધીનગર.

તારીખ : / /૨૦૧૪

---

:: પ્રમાણપત્ર ::

શ્રી..........................................................................................................................

સને ૨૦૧૪માં લેવાનારી ખાતાકીય પરીક્ષામાં નિયમોનુસાર સરકારશ્રીએ પરવાનગી આપી છે અને નિયમપ્રમાણેજરૂરી પરીક્ષા ફી ભરેલ છે / ફી ભરેલ નથી. ફી નો ડિમાન્ડડ્રાફટ આ સાથે મોકલી આપવામાં આવે છે. ઉમેદવારે જે વધારાની તક આપાઈ છે તે હુકમની એક નકલ પત્ર આ સાથે સામેલ છે.

સ્થળ :

કચેરીના વડાની સહી અને સિક્કો

તારીખ :

સ્થળ : ગાંધીનગર ખાતાના વડાની સહી અને સિક્કો

તારીખ : / /૨૦૧૪